


# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧



સલામી સવારની..

ટેન્ડરમાં કમિશન નક્કી કરી જમે છે
ને સરકારી તિજોરી મોટી ખોટ ખમે છે,
ધમધમે ખાયકી કરોડોમાં દમે કાયદા -
ને દૂધ પીતાં બાળકો ફિક્સીંગમાં રમે છે..
(ઉગતાં ક્રિકેટરો પર બાન!)



હાઈકુ

કપરો કાળ,
આશીર્વાદ જરૂરી -
મળી સૂચના..
(ગુરૂઓ નો ગુરૂ, ગુરૂની શોધમાં)

મોંઘી સેવાનો,
પ્રજાના ગાલ પર -
ઉગામ્યો 'કર'
(સર્વિસ ટેક્ષ)

## ચિંતન

**ભવતિ હૃદયકારી કો અપિ કસ્યાપિ હેતુ ર્નખલુ ગુણ વિશેષઃ પ્રેમ બંધ પ્રયોગે ।**
**કિસલયિત વનાન્તે કોકિલારાવભ્યે વિકસિતિવ સન્તે માલતી કો અત્ર હેતુઃ ॥**

'સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય સામાન્ય નીતિનો આ શ્લોક પ્રેમસંબંધમાં કોઇ એક સદ્ગુણ કારણભૂત હોઇ શકે - એ સમજાવવાનો પ્રયત્ન છે :-

'કોઇ પણ વ્યક્તિનો, કોઇ પણ વ્યક્તિ સાથે પ્રેમ સંબંધ જોડાવામાં હૃદયને હરી લેનારો કોઇ ખાસ સદ્ગુણ કારણરૂપ હોઇ શકે છે. નહીં તો - કારણ કે વસંતઋતુમાં જ્યારે આખું વન નવપલ્લવિત થઇ મહોરી ઉઠે છે ત્યારે 'માલતી' ને ફૂલ નથી આવતાં, એમાં એવા કોઇ સિવાય બીજો શો હેતું હોય?

કોઇ પણ વ્યક્તિને કોઇ પણ વ્યક્તિ પ્રત્યે આકર્ષણ-પ્રેમ ક્યારે થાય? જ્યારે એનો કોઇ ગુણ-સદ્ગુણ તેને કોઇ પ્રસંગે આ કર્ષી જાય. દા.ત. કોઇ હિંમતપૂર્વક કોઇનો જીવ બચાવે, કોઇ કોઇને લાગણી-પ્રેમ-હૂંફ-વાત્સલ્ય આપે, કોઇ કલાકારની કોઇ કળા-ગીત-સંગીત-ચિત્રનું આકર્ષણ ખેંચી લે. કોઇનું સ્મિત, કોઇના વાળની લટ, કોઇનું વ્યાખ્યાન કોઇની કવિતા - જેવો કોઇ પણ લલિતકળાના એકાદ અંગનું આકર્ષણ પ્રેમ માટે કારણભૂત બને છે પછી સ્વભાવ-વર્તન-રૂપ-ધન જોવામાં આવતાં નથી. (પાછળથી એ કનડે એવું બને ખરું.)

## સુવિચાર

- ખૂશી-આનંદની આપણે જેટલી લ્હાણી કરીશું તેટલી તે આપણી પાસે વધારે આવશે **- વિક્ટર હ્યુગો**
- જીવનમાં નાની નાની બાબતોમાંથી ઘણું શીખી શકાય છે અને તેનાથી પ્રસન્નતા પણ ખૂબ મળે છે **- રસેલ કોનવેલ**
- પ્રસન્નતા પ્રભુની કૃપા અને દૈવી ઓષધ છે, દરેકે તેનું પાન કરવું જ જોઇએ- **ચાણક્ય**
- પ્રસન્નતા જ સ્વાસ્થ્ય છે, અપ્રસન્નતા રોગ છે **- હેલી બર્ટન**
- પ્રસન્નતા પરમ સ્વાસ્થ્ય વર્ધક છે શરીર અને મન તે મિત્ર તૂલ્ય છે **- રસેલ કોનવેલ**
- લેવામાં કે માગવામાં નહીં પણ સાચી પ્રસન્નતા આપવામાં છે **- સ્વામી રામતીર્થ**
- પ્રશન્નતા પ્રાપ્ત કરવામાં શ્રમ લાગે છે પણ બીજાને પ્રસન્નતા આપવામાં શ્રમ તો નથી જ લાગતો આનંદ મળે છે **- મેસિજન**

## બોધ કથા

નેતાઓ, નવા નવા કલાકારો પ્રસિધ્ધિના શોખમાં ગમે તેની સાથે હસતું મોઢું રાખી ફોટા તો પડાવે છે અને ઓટોગ્રાફ પણ આપતા રહે છે પણ આજના યુગમાં 'ફેન' કહેવાતા લોકો ક્યારે આવી બાબતોનો દુરુપયોગ કરી ને ફસાવી દે એ કંઇ જ કહેવાય નહીં. કોમર્શિયલ ભેજાંબાજોથી ચેતતા રહેવું સારું!

શ્રી ઉમાશંકર જોષી અને ગુલાબદાસ બ્રોકર મુંબઇમાં એક નવું નાટક જોવા ગયા. નાટક નબળું હતું એટલે મધ્યાંતરમાં જ છોડી બંને જતાં રહેવાની વેતરણમાં હતા. ત્યાં દિગ્દર્શકને ખબર પડી કે મહાનુભાવો તેમનું નાટક જોવા આવ્યાં છે.

દિગ્દર્શક તરત આવ્યા અને બેકસ્ટેજમાં પધારવા નમ્ર વિનંતી કરી. ચા-પાણી થયાં અને કલાકારો સાથે પરિચય થયો અને તેમની સાથે 'ગ્રુપ ફોટો' પણ ખેંચાયો. પછી બંને મહાનુભાવો નાટક અર્ધું છોડીને ઘેર નાશી ગયા..

બીજે દિવસે જ છાપામાં નાટકની વિશિષ્ટ જાહેરાત હતી. 'અમારું નાટક જોવા મહાનુભાવ ઉમાશંકર જોષી અને ગુલાબદાસ બ્રોકર ખાસ પધાર્યા હતા. તેમણે નાટકની ખૂબ જ પ્રશંસા પણ કરી હતી.' ફોટો પણ છપાયો હતો.

- આ પછી આ બંને મહાનુભાવોએ કદી 'બેકસ્ટેજ' માં ન જવું એવી પ્રતિજ્ઞા લીધી.

# આત્મા વગરનો દેહ બિહામણો, સમજ વગરનો સમાજ વેવલો, ધર્મ વગરનું ધન નકામું, ચારિત્ર્ય વગરની ચતુરાઇ વિનાશક, અને નૈતિક મૂલ્યો વગરનું રાષ્ટ્ર એટલે અંધેર રાજ

## વિચાર યાત્રા

- જય ઓઝા

## કાબર - બિલાડી - કાળુ - આપણે

ગઇ કાલે રાત્રે અચાનક ૧૨ વાગ્યે એકદમ આંખ ખૂલી ગઇ, ઘરની બાલ્કનીમાં એક કાબર ઉડાઉડ કરતી બાલ્કનીના ખૂણામાં કાબરે એકાદ-બે વર્ષથી માળો બનાવ્યો છે... પરંતુ અંધારામાં કદાચ તેને પોતાનો માળો ખૂણામાં દિવાલ અને બીમની વચ્ચેની થોડી જગ્યામાં દેખાતો નહીં હોય, તેવું વિચારીને મેં ઓસરીની લાઇટ ચાલુ કરી... ત્યારે મારું ધ્યાન ગયું કે ઓસરીનાં હિંચકા ઉપર કાબર બેઠી છે... સામે જ તેનો માળો છે... અલબત્ત બહારથી એકદમ નજરમાં નથી આવતો... પરંતુ રોજ આવતા-જતાં વ્યક્તિને તો ચોક્કસ ખબર પડે જ... મને નવાઇ લાગી કે, આ કાબર તો રોજ અહીં આવે છે, તો આજે કેમ આમથી તેમ ઊંડ ઊંડ કરે છે, અને માળામાં નથી જતી!

ત્યાં તો મારું ધ્યાન હિંચકાની પાછળ ઊભેલી બિલાડી તરફ ગયું, તે ઊંચી નજર કરીને હિંચકાના કડા પર બેઠેલી કાબર તરફ મીંટ માંડીને ઊભી હતી...

લાઇટ થવાથી બિલાડી કાબરને સ્પષ્ટ જોઇ શકતી હતી એટલે એ કાબર અને બિલાડીની સંતાકૂકડી થોડો સમય ત્યાં ચાલી, અને કાબર બાલ્કનીમાંથી ઉડી ગઇ... બિલાડી પણ કંટાળીને ત્યાંથી ચાલી ગઇ...

પાંચ-દસ મિનિટની મધરાતની કાબરરોળ મચી ગઇ... અને મનમાં વિચારોનું આંદોલન થવા લાગ્યું... કાબરનો માળો સામે જ બીજાના ખાંચામાં હતો, તો કાબર ત્યાં કેમ ન ઘૂસી ગઇ? આ પ્રશ્નનો જવાબ બીજા દિવસે સવારે મળ્યો... માળામાં કાબરના નાનાં નાનાં બચ્ચા હતા... અને સવારે પેલી કાબર તેની ચાંચમાં દાણા તેના બચ્ચાઓને ખવડાવતી હતી...

કાબર - બિલાડીની આ ઘટના જોયા પછી મને એક બીજો પ્રસંગ યાદ આવી ગયો... પાંચેક વર્ષ પહેલાં અમદાવાદની એક પ્રતિષ્ઠિત શાળામાં ભણાવતો હતો... રીસેસમાં અમે બે-ચાર શિક્ષકો બહાર કીટલી પર ચા પીવા જતા... ત્યાં એ 'કાળુ ચાવાળા' નો એક છોકરો હતો... જે એના પિતાને ગલ્લા પર મદદ કરતો... બાપને આ વાત ગમે નહીં... છોકરો મ્યુનિસિપલ સ્કૂલમાં ભણવા પણ જાય... હોંશિયાર હશે... એવું લાગતું હતું... સાંજે ગાંધીનગર આવવા માટે એ 'ચાની કીટલી' વાળાને ત્યાંથી જ બસ પકડવાની હોય... એટલે ઘણીવાર વાતચીત થાય... થોડાક સમયથી એનો છોકરો દેખાતો નહોતો...

મેં પૂછ્યું કે - કેમ તમારો દીકરો દેખાતો નથી? સામાન્ય રીતે જોરથી ઘાટો પાડીને જવાબ આપવાવાળો કાળુ મારી નજીક આવીને મૂંઢા પર બેઠો, અને કીધું કે, સાહેબ 'મારો છોકરો અહીં હતો... ત્યારે સ્કૂલેથી છૂટીને મને મદદ કરવા અહીં આવતો... ચાનો ગલ્લો એટલે દરેક પ્રકારના લોકો અહીં આવતાના, ગામના ઉતાર જેવા ગાળા-ગાળી કરનારા મજૂરોથી માંડીને દેખાવમાં સભ્ય હોય પરંતુ બોલે એટલે કાનમાંથી કીડા ખરે એવી ભાષા બોલતા લોકો પણ આવે... મારું મન ક્યારેય માનતું નહોતું... મારો છોકરો અહીંયા રોજ આવતો હોય અને બાઘડ બિલ્લા જેવા લોકોની સોબત એના કૂમળા મનને ઘળી જાય, તેના કરતા તેને ગામડે મોકલી દીધો... એ હવે ત્યાં જ ભણશે...'

ત્યારે તે સમયે જે 'બાઘડ બિલ્લા' શબ્દ પ્રયોગ કાળુએ કર્યો હતો... તે ગઇકાલ રાત્રે કાબર બિલાડી વાળા એપિસોડ વખતે બરાબર બંધ બેસતો હતો...

કાળુએ પણ પોતાના બાળકને બચાવવા માટે તેને દૂર દીધો... અને શહેરના તેના કહેવાતા સભ્ય વર્તુળમાં પણ હવા લાગવા દીધી ન હતી કે ખરેખર તેને દીકરાને ક્યાં ભણવા મોકલ્યો છે...

તેમ પેલી કાબર પણ બિલાડી તેનો માળો જોઇ ન જાય, અને તેના બચ્ચાની ભાળ બિલાડીને ન લાગી જાય એ માટે લગભગ આખી રાત માળામાં જવાની બદલે બિલાડી સાથે સંતાકૂકડી રમતી રહી...

સવારે ચા પીતા-પીતા કાબરને બચ્ચા સાથે કલરવ કરતા જોઇને કાળુ ચા વાળો અને તેનો દીકરો યાદ આવી ગયા...

આજે આપણે આવા બાઘડ બિલ્લાઓની વચ્ચે જ જીવી રહ્યા છીએ... કોણ કેવા રૂપ રંગે આપણા અસ્તિત્વને ગળવા આવી રહ્યું છે, તે જ સમજ નથી પડતી...

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# એકમાત્ર ઇશ્વર પ્રત્યેની વફાદારી આપણી પ્રગતિમાં જોમ પુરવા પુરતી છે

## શ્રુતિ બંધનમ્

- ડો. બ્રિજ

## સ્વામી વિવેકાનંદજી વિશેષ

દત્તકુટુંબની ગરિમા જાળવવાનું કામ દુર્ગાચરણજી પછી વિશ્વનાથને ફાળે આવ્યું. કુટુંબની વિદ્વતા પ્રણાલી સાચવતાં તેઓ અંગ્રેજી અને ફારસીમાં પ્રભુત્વ મેળવે છે અને વકીલાતનો વ્યવસાય સ્વીકારે છે. વિપુલ ધનભંડાર, બૌધ્ધિક ક્ષમતા અને પૂજિત પૂર્વજોના આશિષ થકી વિશ્વનાથ દત્ત ભૂવનેશ્વરી દેવી સાથે સંસાર માંડે છે. સૌનાં માન-પ્રેમ મેળવતું આ દંપત્તિ દયા અને હૃદયની ઉદારતાથી ભરેલું હતું. આપણે આવેલાને કદી નિરાશ ન કરવાની વૃત્તિ તેમના જીવનને એક સમયનાં માતા-પિતા બનવાન નિમિત્તનું ઘડતર કરે છે. માણસના જીવનની કરૂણતા સમજવાની દિશામાં દત્ત પરિવાર પીછેહઠ કરતાં નથી. વિશ્વને માર્ગદર્શન કરવાવાળા વ્યક્તિના કે તેને પ્રેમ કરવાની વૃત્તિ એક માત્ર પ્રાચીન વારસાને ખડો કરવા સમર્થ છે. 'નિમિત્ત પાત્રં ભવસવ્યસાચિ' આ જગતમાં મારા-તમારા વડે જે કંઇ થઇ રહ્યું છે તેમાં આપણી લેશમાત્ર ભૂમિકા નથી. કુદરતની મરજી મુજબનું આકાર પામે છે. ક્યાંક વર્ષો - યુગો લગી એ ઘટના ચાલ્યા કરે છે અને એકવાર સૃષ્ટિના રંગમંચ ઉપર રચાય છે... એક ઇતિહાસ ઘડાય છે. એક અવતરણ સૃષ્ટિનું માર્ગદર્શનનું અધિકારી બને છે. કંઇ કેટલાય મસ્તકો તેને નમે છે. એક વિચારાધાર જીવનધારામાં પરિણમે છે, અને એક વ્યક્તિ આ સૃષ્ટિ ઉપર કેટલુંક જ જીવીને અદૃશ્ય થઇ જાય છે અને અમર ચરિત્રની નિશાનીઓ સૃષ્ટિને આપતો જાય છે. સ્વામીજીની બાબતમાં પણ કંઇક આવું જ કહી શકાય...!

ભૂવનેશ્વરી દેવી ધર્મપરાયણ સન્નારી. શ્રધ્ધા અને વિશ્વાસની અમૂલખ મુડી તેમનો સ્વભાવ હતો. પતિના સામાજિક સંબંધો વગેરેનું કાળજીપૂર્વકનું ધ્યાન રાખી માનવીય સંબંધોએ સંવર્ધન કરવા લાગ્યાં. રામાયણ-મહાભારત પ્રત્યેની અનન્ય પ્રતિ પણ તેમની શ્રધ્ધા ભાવનાને બળ આપતી. એવું કહેવાય છે કે રામાયણ - મહાભારતના ઘણા ભાગો એમને કંઠસ્થ હતા, એ નિત્ય વાચનને આભારી હતું. આ જ્ઞાન વારસો સંગૃહિત થવાનો સમય હતો, ત્રણ-ત્રણ પેઢીઓનું પુણ્ય ફળ હવે મા ભૂવનેશ્વરીની કૂખે અવતરવાનું હતું. અને એવું જ બન્યું ને આ ધરતી ઉપર...! સ્વામી વિવેકાનંદજીના અવતરણ થકી...!

મા ભૂવનેશ્વરી દેવીની શ્રધ્ધા શિવ શક્તિમાં વધારે હતી. અને એટલે જ બાળકના જન્મ બાદ તેનું નામ પાડે છે વિરેશ્વર, આ સ્વામીજીનું પ્રથમ નામ. ત્યારબાદ તેઓ નરેન્દ્રનાથ તરીકે ઓળખાયા. નરેન્દ્ર બચપણમાં ભારે હઠીલો બાળક. કેટલીકવાર તેના તોફાનો એટલાં વધી જતાં કે કાબૂમાં રાખવું અશક્ય થઈ પડતું. ધમકી કે ફોસલામણી ને તાબે પણ તેઓ ન થતા. આખરે માતાએ એક ઉપાય અજમાવ્યો. જ્યારે નરેન્દ્ર ક્રોધિત થતા ત્યારે તેમના માથે ઠંડુ પાણી રેડતાં અને કાનમાં ધીમે ધીમે શિવનું નામ બોલતાં. અને કહેતાં : 'જો તું આવાં તોફાનો કરીશ તો શિવજી તને કૈલાસમાં પ્રવેશવા નહીં દે' આ વાતની અસર પણ એવી જ થવા લાગી. નરેન્દ્ર શાંત થઈ જતો.

રામાયણની અસર પણ નરેન્દ્ર ઉપર માતાના લીધે જ રહી. રામાયણની કથા ચાલતી હોય ત્યાં બાળ નરેન્દ્ર હાજર હોય જ. રામના જીવનમાં રોમાંચક પ્રસંગોની તેમના ઉપર અમીટ છાપ પડવા લાગી હતી. એક વાર એક કથાકારે હનુમાનજી કેળના બગીચામાં રહેતા એવું કહ્યું. નરેન્દ્રનાથના દિમાગમાં આ વાત ઠસી ગઈ. તેઓ એ દિવસે ઘેર જવાને બદલે કેળના બગીચામાં બેસી રહ્યા... હનુમાનજીનાં દર્શનની આતુરતાથી...! હનુમાનજી ન દેખાયા તેથી દુઃખી થઈ બાળ નરેન્દ્ર ઘેર પાછો ફર્યો. માતાએ વાત જાણી અને આશ્વાસન આપતાં કહ્યું : 'તું દુઃખ ન લગાડીશ હનુમાનજી રામના કોઈ કામ માટે બીજે ક્યાંક ગયા હશે.' આ સાંભળી બાળક શાંત થયો. કેવી સરલ - સહજ સમજાવટ છે. અને બાળકના માનસ ઉપર દેવ અને દેવત્વના ઉપર વિશ્વાસ દાખવવા માટે પણ આ ઘટના કેવી અમૂલ્ય છે!

બાળક જન્મે છે, ઉછરે છે, સંવર્ધન પામે છે અને સૃષ્ટિના સજીવ - નિર્જીવ તત્ત્વોથી વાકેફ બને છે. સંવર્ધન પામે છે અને સૃષ્ટિના વ્યક્તિ એવો જીવન મૂલ્યતાનો શંખ તેના જીવનમાં ફૂંકી દે છે, અને તેનું જીવન શ્રધ્ધા અને વિશ્વાસના પાયે રચાય છે. ઈશ શક્તિનો સ્વીકાર કરી જીવવું સહેલું નથી.


**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# કવિના કાવ્ય સંગ્રહોના ભાવ કાવ્યોમાં પરમાત્મ ભક્તિની સાથોસાથ સાહિત્ય ભક્તિના પણ દર્શન થાય છે

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

## સ્નેહતંતુથી સૌને બાંધનાર ડો. કવિ સનત ત્રિવેદી



ઇશ્વરની કૃપા અને મિત્ર મધુકાન્ત જોષી દ્વારા કવિ સનતભાઇના સ્વજન બનવાનું સદ્ભાગ્ય મળ્યું હતું. તેને મારી ધન્યતા માનું છું.

સનતભાઇના પ્રથમ કાવ્ય સંગ્રહ 'અનુપમ નિરૂપમા' ના વિમોચન કાર્યક્રમના સંચાલનના લ્હાવામાં કવિના કવિ જેવા જ પ્રેમાળ સ્વજનો, નવલકથાકાર, ગૌતમ શર્મા, ભાગવત્ કથાકાર અનંતપ્રસાદ શાસ્ત્રી અને ઇચ્છુભાઇ શુક્લ સમા ધર્મપ્રેમીના દર્શન - સાનિધ્યનો લ્હાવો મળ્યો હતો.

કવિના કાવ્ય સંગ્રહોના ભાવ કાવ્યોમાં પરમાત્મ ભક્તિની સાથોસાથ સાહિત્ય ભક્તિના પણ દર્શન થાય છે. એમના ધર્મપત્ની નિરૂપમા બહેન તેની સાથે જ છે. એવી અનુભૂતિ કરી રહ્યાં છે. તેનો અહેસાસ તેમના કાવ્યમાં થાય છે. આ બાબત કઠીન છે. છતાં તેમણે સહજ-સરળ રીતે વાસ્તવિકતાને અપનાવી છે, તેની પ્રતીતિ નીચેની પંક્તિમાં થાય છે.

'હે પ્રિયે! છે વાહ
તારા સાથ મારી તુંલલે
નાહો!'
નિહાળું છું તને હરદમ
હૃદયમાં ગુંજતી સરગમ,

ખાલીપો, નિરાશા, રિક્તતા, એકલતા અને ઉદાસીનતાને તો તેમણે અંચળાની જેમ ઉતારી નાખી હતી, નિરૂપમાબહેનની સ્થૂળ ઉપસ્થિતિ ભલે નહોતી. પણ, જયારથી હું સનતભાઇના સહવાસમાં આવ્યો છું. ત્યારથી તેઓ કાવ્યસર્જન દ્વારા નિરૂપમાબહેનને કાવ્ય પુષ્પો રચી. તેની પૂજા કરી રહ્યા હતા. તેમાં કોઇ સંદેહ નહોતો. કવિની પંક્તિ દ્વારા કહું તો...

મનના મંદિરમાં પૂજા કરું,
ત્યાં મૂર્તિ જ ઓઝલ બની,
જીવનના સ્નેહ અતૂટ - ના કોલની
પૂર્તિ અધૂરી બની.

કવિની પૂર્તિ અધૂરી નહોતી, ક્યારેય રહેશે પણ નહીં, કવિની કાવ્ય યાત્રા તો ૧૯૫૫ થી પ્રારંભાઇ હતી. તા. ૧૧-૧૦-૨૦૦૮ નિરૂપમા બહેને વિદાય લીધી. કવિ પ્રકાશિત - સર્જનનો પ્રભુનો પ્રસાદ ગણતાં હતા.

કવિની પંક્તિઓમાંથી નીચેની પંક્તિઓ હૃદયના તાર છેડી જાય છે...

વેદનાનો એક તો આધાર છે,
એની મીઠપ માણવા દેજો તમે.

ઘણીવાર નિયમબધ્ધ, લય અને તાલબધ્ધ સર્જન સારું લાગે છે, પણ કવિની કવિતાને આવો કોઇ ચોકઠા નડતા નહોતા. તેમણે તો બંધન વિના ભાવ કવિતાનું વિશ્વ આલેખ્યું હતું. 'અનુપમ નિરૂપમા' કાવ્યસંગ્રહ ની ૧૦૮ કૃતિઓ માળાના મણકાની જેમ માણવી ગમે છે. સંગ્રહનું મુખપૃષ્ઠ જોઇ શાતા મળે છે. મુદ્રણ કદ પણ સરસ હતા.

કવિના નિવાસ સ્થાને ઠંડક ભર્યા વાતાવરણમાં સંગ્રહ સૌને તેમ મને ભેટ મળતો હતો. શિવજીનું બિલીપત્રને પ્રસાદી સાથે સંગ્રહ તો હોય જ.

મંદિરમાં પૂજા રૂમમાં ઇશ્વરને વંદન કરવા તેને કવિ માત્ર સમર્પણ ગણતા નહોતા. તેઓ ઇશ્વર પ્રત્યેનું સમર્પણ એટલે સર્વ પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર. કવિના બધા સંગ્રહોમાં કવિએ સહુ સ્વજનોને ભાવપૂર્વક યાદ કર્યાં હતા, તે તેમની સાચી લાગણીના દર્શન કરાવે છે. તેમની સુપુત્રીઓ કિંજલ, શીતલની પિતૃભક્તિ ખરેખર દાદને પાત્ર હતી.

સનતભાઇ ત્રિવેદી તેમની પચીસ વર્ષની સુપુત્રી શીતલની હસતાં હસતાં જે સેવા કરી છે. તેનો હું સાક્ષી રહ્યો છું. શીતલનો માનસિક, શારીરિક વિકાસ બરાબર થયો નહોતો. પથારીમાં તેની દિનચર્યા રહેતી. કવિના પત્નીના અવસાન પછી લાગલગાટ સાત વર્ષ સુધી શીતલની સેવા કરી છે. ઉપરાંત દર મહિનાના છેલ્લા રવિવારે ત્રીસેક કવિ મિત્રો કાવ્ય પાઠ કરવા તેમના નિવાસે આવતા હતા. સૌને હસતાં - હસતાં ચા-નાસ્તો કરાવો, આઇસ્ક્રીમ ખવડાવે. જરૂરિયાતવાળા મિત્રોને દવા પણ આપતા હતા. નવી વાનગી બનાવી હોય, તો પ્રેમથી જમાડે. આ સ્નેહ આજે ક્યાં મળે?

સામેથી ફોન કરતાં મને નિખાલસતાની વાત કરતા હતા. તેમના આશરે બ્યાસી કાવ્ય પાઠ કરી ચૂકેલા અનેક યુવા કવિઓ, કવયિત્રીઓ, લેખકો ખૂબ આગળ વધ્યા છે. પોતે ઘસાઇને બીજાને ઉજળા કરી દેખાડવાની ઉમદા ભાવના આજે ક્યાં મળે? એમનું સ્મરણ કરી, ઇશ્વરને એટલું જ પૂછવાનું મન થાય છે કે, દિલાવર ગજાના નિસ્પૃહી, સૌમાં પ્રિય, શબ્દના સાધકને તારી પાસે એકાએક કેમ બોલાવી લીધાં? રાજકોટની નૂતનનગર સોસાયટીમાં તેમના મકાનનું નામ 'તૃપ્તિ' હતું. પણ, હવે અમારે એમના સ્નેહની તૃપ્તિ ક્યાં કરવા જવી? કવિને શત-શત વંદન.

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૩જી જુલાઇ

- લોકચેતનાનું અભૂતપૂર્વ કાર્ય કરનારા ફ્રાન્સની ક્રાન્તિના જનક જિન જેક્સ રૂસોની પુણ્યતિથિ ૩-૭-૧૭૭૮. પ્રજાકીય શાસનની તરફદારી કરનારા રૂસોએ 'સામાજિક કરાર' પુસ્તક દ્વારા પોતાની વિચારાધારા ફેલાવી. બાળકેન્દ્રી કેળવણીના સમર્થક રૂસોનું નામ આજેય અમર છે.
- નવલકથાકાર નંદશંકર મહેતાના પૌત્રી હંસાબેન મહેતા ભારતના સૌ પ્રથમ મહિલા ઉપકુલપતિ. ભગિની સમાજ - નેશનલ કાઉન્સીલ ફોર વિમેન' માં નોંધપાત્ર કાર્ય કર્યું. પદ્મભૂષણનો એવોર્ડ સરકારે આપ્યો. 'યુનો' માં ભારતીય પ્રતિનિધિ બન્યા. ૧૯૫૯ માં તેમનું અવસાન થયું.
- કોતણ ફ્રેમ પત્રના શોધક એડવર્ડ બાઇલાઇટનો જન્મ - ૧૭૬૯.

# પુનર્જન્મમાં તો હું માનતો નથી તેમ છતાં જો એ હોય તો ભવોભવ ગજેન્દ્રભાઇ જેવા ગુરુ મળતા રહે એ જ હૃદયોભરી શ્રધ્ધાંજલિ

## પ્રાસંગિક

## ગજેન્દ્રભાઈ - મારા ગુરુ !

- ભાનુપ્રસાદ પુરાણી

પુરાણી!

સાંભળ્યું તમે?

ગજેન્દ્રભાઈ ગયા! ૨૦મી જૂનની એ સવાર! ૨૦૧૨, મિત્ર પ્રહ્લાદ બ્રહ્મભટ્ટનો વહેલી પરોઢે ફોન રણકે છે સત્યનો સાથી સૂરજ હમણાં જ પ્રગટ્યો છે પણ તે પહેલાં સત્ય પ્રગટી ચૂક્યું છે.

સાહેબ ગયા!

હું અસમંજસ સ્થિતિમાં ઘરમાં સૌને જાણ કરું છું. સાહેબ તો અમારા ઘરનું જણ! અમારા કૌટુમ્બિક સંબંધ રહ્યો છે તેમની સાથે, સંબંધને વળી નાત - જાત કે ધર્મના વાડા ક્યાં નડે છે ભલા?

મારે મન સાહેબ એટલે, ગજેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ છેલ્લા છ દાયકાનો અમારો દીર્ઘ સંબંધ, છેક ૧૯૫૩ માં અમદાવાદની ખૂબ જ જાણીતી પ્યુટોરિયલ હાઈસ્કૂલ જે પ્યુટોરિયલ હાઈસ્કૂલ - ત્રણ દરવાજા તરીકે ઓળખાતી એ શાળામાં હું ધોરણ આઠમાં ભણતો ત્યારથી હું બ્રહ્મભટ્ટ સાહેબને ઓળખું. તેઓ એ સમયે અમને ભણાવતા. અને ત્યારથી એ મારા માટે પૂજનીય રહેવા હવે તો એ સાહેબ પણ રહ્યાં નથી ને નથી રહીએ પ્યુટોરિયલ હાઈસ્કૂલ. રહી ગયાં માત્ર સંભારણાં!!

મારી વિકાસયાત્રાના એ પરમ સાથી. એ કહેતા 'મારો વિદ્યાર્થી શિક્ષણખાતામાં ઉચ્ચ અધિકારી બને એ જ મારા જીવનની સાર્થકતા' મારા ઉપર એમનો પ્રેમભાવ ભારે, એમનો પ્રેમભર્યો હાથ મારા વાંસા પર સદાયે લીપતા રહેતા એ મજાકમાં કહેતા 'ગુરુ કરતાં ચેલો સવાયો!'

વૈધિક રીતે મેં એમને ક્યારેય પૂજ્યા નથી કે નથી ગુરુવંદનાનો જાહેર ખેલ પાડ્યો! મારા માટે એ સદાના માટે આરાધ્ય રહ્યા છે. સાડા સાત દાયકાની આ ઉંમરે એ એક તો મારા આરાધ્ય ગુરૂ કહી શકું રેશનલ વિચારો ધરાવતો હું કવિ ભોગીલાલ ગાંધીની કવિતા જીવું છું. 'તું તારા દિલનો દીવો થાને રે...!' ને તોય જેમને જોવા નથી એવા મારા એક પૂર્વ ગુરુ એ આખાબોલા અખા ભગત અને બીજા જોયેલા જાણેલા ને માણેલા એ ગુરુ ગજેન્દ્રભાઈ! એ ક્યારેય તાપ ન કરે કે ન તપે ને તોય ઉપજાવે આનંદ! એટલે તો વિદ્યાર્થી અવસ્થાથી આજ લગી મન અને હૃદય એમના પ્રતિ ઢળેલાં રહેતાં.

ગજેન્દ્રભાઈ નખશીખ કર્મશીલ. માધ્યમિક શાળાના શિક્ષકો - આચાર્યો કે કર્મચારીઓનું હિત હંમેશાં એમનાં હૈયે રહેતું. તેઓનાં અધિકારો અને ન્યાય માટે સતત કાર્યશીલ રહેતા. માધ્યમિક શિક્ષક સંઘ - રાજય કક્ષાએ અને આચાર્ય સંઘમાં પણ તેઓ અધ્યક્ષ તરીકે રહ્યા અને શિક્ષણ જગતમાં પ્રિય બન્યા શિક્ષકો કે આચાર્યો - શાળા સંચાલકો કે કર્મચારીઓ પક્ષે રહેવા છતાં સરકારમાં કે શિક્ષણ તંત્રમાં તેઓ મધ્યમમાર્ગી રહી રસ્તો કાઢી આપતાં. ગજેન્દ્રભાઈ અને ભૂપેન્દ્રભાઈની જોડી ત્યારે શિક્ષણ જગતમાં જાણીતી થયેલી. મંત્રીથી માંડીને અધિકારી વર્ગ સુધ્ધાં તેમનાં પ્રશ્નો સાંભળીને હલ કરવામાં રસ લેતાં શિક્ષકોના દરજ્જા માટે અને સ્વમાન માટે ક્યારેક લડાયક બનવું પડે તો જરાય ખચકાયા વિના એ મચી પડતા.

વહીવટી કોઠાસૂઝ તો એમનામાં હતી જ એટલા જ એ શિક્ષણ પ્રેમી યે ખરા. વાચનના જબરા શોખીન. નવા નવાં પુસ્તકો વાંચવાં અને ખાસ કરીને શિક્ષણની પાંગરતી ક્ષિતિજો સુધી પહોંચવા અધ્યયનશીલ રહેવું એ એમનો શોખ હતો. માધ્યમિક શિક્ષણ બોર્ડમાં શિક્ષકો - આચાર્યોના પ્રતિનિધિ તરીકે લાંબા સમય સુધી રહ્યા. એ સૌના માન્ય સભ્ય તરીકે પસંદ થતાં - બિનહરીફ!

એ જ્યારે મળે, એક પ્રકારના આનંદની લાગણી થતી એકમેકને પ્યુટોરિયલ હાઈસ્કૂલ તેના દૃષ્ટિવંત પ્રિન્સિપાલ વિનાયકરાવ ત્રિવેદી, આચાર્ય, કેળવણીકાર નંદુભાઈ શુક્લ. સંઘવી સાહેબ, દિવેટીયા સાહેબ, શાસ્ત્રી સાહેબ, ઠક્કર સાહેબ, શર્મા સાહેબ સૌને યાદ કરીને સ્નેહભાવ દર્શાવતા. એ લાગણીના માણસ હતા.

એક ભીનું સ્મરણ આજે ય યાદ આવે છે. આઠમા ધોરણમાં અમે તારંગા અને બાલારામના પ્રવાસે ગયેલા. અમારો વર્ગ અને ત્રણેક શિક્ષકો હોવાનું મને યાદ છે. એમાં ગજેન્દ્રભાઈ સાહેબ તો ખરા જ! ત્યારે તારંગા ટેકરીઓ અને જંગલની ઘેરાયેલું પૂર્ણ વિકસીત નહીં એવું પ્રવાસધામ બાલારામ નદીમાં ત્યારે પાણી ખળખળ વહેતાં ને નાનકડો બંધારો તેના પર. એ બંધારાને કૂદીને સામે કાંઠે જતાં એક વિદ્યાર્થી પાણીમાં પડી ગયો. વહેણ પણ એટલું જ ને ખેંચાણ પણ ભારે. અમે સૌ બૂમો પાડી ઊઠ્યાં. સાહેબનું ધ્યાન ગયું અને કોઈ પણ જાતનો વિચાર કર્યા વગર પહેરેલે કપડે એમણે નદીમાં ઝંપલાવ્યું અને તણાતાં પેલા વિદ્યાર્થીના પગને આંટી મારી દીધી પોતાના પગથી. ત્યાં પ્રવાસીઓમાંથી એક જણ વળી કૂદી પડ્યો પાણીમાં અને એ વિદ્યાર્થીને બહાર કિનારે ખેંચી લાવ્યા. એને ઊંધો સુવડાવી, પીધેલું પાણી કાઢી નંખાવ્યું અને ટીંગાટોળી કરી ધર્મશાળાના ઓરડે લઈ ગયા. એનો જીવ બચી ગયો.

અમે મળીએ ત્યારે એ ઘટનાને અચૂક સંભારે, એ સરળ અને મૃદુ સ્વભાવના ગુરુજન હતા. ચાણક્યે તો કહ્યું છે કે 'શિક્ષક કહી સાધારણ નહીં હોતા' એ શિક્ષકને અસાધારણ બનાવવાનું કર્મ ગજેન્દ્રભાઈએ આજીવન કર્યું. માસ્તર કે પન્તુજીમાંથી સાહેબ અને આજે તો 'સર' કહેવાય છે એની પાછળ ગજેન્દ્રભાઈની નિષ્ઠા અને સેવા શક્તિ રહેલાં છે.

વ્યક્તિ જાય છે વાતાવરણ રહી જાય છે ને રહી જાય છે મીઠાં સંભારણા, આજે તો ગજેન્દ્રભાઈ નથી પણ એમની સુવાસ ભરી ભરી બેઠો છું હું. પુનર્જન્મમાં તો હું માનતો નથી તેમ છતાં જો એ હોય તો ભવોભવ ગજેન્દ્રભાઈ જેવા ગુરુ મળતા રહે એ જ હૃદયોભરી શ્રધ્ધાંજલિ.